# NATWARLAL K. PATEL

**B.Com., LL.B., Advocate**

E.NO. G/425/1977. GAWF NO. AM/GRT/21251 Date:- 14/07/2005

**Office:-** 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump,Sabarmati, Ahmedabad - 380005.
**Ph. :** 079-27500560, **Mo. :** 9558026999, Email :- nkpatel1953@gmail.com

**Date : 22/01/2021**

## TITLE CLEARANCE CERTIFICATE

TO,
**"ORIGIN INFRA"**
Throught its Partner..
**SHRI AMARATBHAI NATHABHAI PATEL**
62, Ambikanagar Society, Dhanera,
Dist. Banaskatha.

N. K. PATEL ADVOCATE G/425/1977

Ref:- Non Agricultural land bearing Re- Block No. 367 ( Old Block No. 284/B & Old Survey No. 184/2 Paiki And 184/1) admeasuring about 10383 sq.mtrs. land covered under Draft D.P & T.P. Scheme and allotted Final Plot No.284/2/1 & Final Plot No. 284/2/2 paiki Final Plot No. 284/2/1 admeasuring about 3115 sq. mtrs land thereabouts situate, lying & being at Mouje TARAPUR Sim, District GANDHINAGAR & Sub District GANDHINAGAR and belonging to **"ORIGIN INFRA" Throught its Partner.. SHRI AMARATBHAI NATHABHAI PATEL**

====================================

THIS IS TO CERTIFY THAT, Instruction from previous land holders Nisarg Hasmukhbhai Patel And Others, I issued a Public Notice in "Gujarat Samachar" News Paper dated- 30/09/2020 & "Sandesh" News Paper dated- 01/10/2020 inviting any right, claim or interest if any in the said land and then I have received objection from Baldevji Punjaji And Others dated- 05/10/2020 by R.P.A.D.. Then after I have given the reply dated 23/10/2020 by R.P.A.D. Then after still that day I have not received any reply from the objector. Except this I have not received any claim or objection in response of above Public Notice, After I have taken the necessary searches for more than last 30 years from the Record of Talati and Sub-Registrar GANDHINAGAR by receipt no. 2020048045029 dated 05/10/2020. Then After I have taken the declaration dated 02/11/2020 Nisarg Hasmukhbhai Patel And Others land holders. After I have issued Title Clear Cirtificate dated 02/11/2020 in favour of Nisarg Hasmukhbhai Patel And Others.

Scanned with CamScanner

Thereafter "ORIGIN INFRA" Throught its Partner.. SHRI AMARATBHAI NATHABHAI PATEL had purchased the said Non Agricultural land bearing Re- Block No. 367 ( Old Block No. 284/B i.e. Old Survey No. 184/2 Paiki And 184/1 ) admeasuring about 10383 sq.mtrs. land covered under Draft D.P & T.P. Scheme and allotted Final Plot No.284/2/1 & Final Plot No. 284/2/2 paiki Final Plot No. 284/2/1 admeasuring about 3115 sq. mtrs land from the land holders Shri Nisarg Hasmukhbhai Patel And Others by legal Sale Deed duly registered in the Office of Hon. Sub Registrar of Gandhinagar on dated 04/11/2020 under Serial No. 22098. And by virtue of the sale deed, name of the "ORIGIN INFRA" Throught its Partner.. SHRI AMRATBHAI NATHABHAI PATEL entered in the Record of Right by Entry No. 4041 dated 08/12/2020 which has been certified by the concerned Officer.

Then After I have taken the necessary searches from 2006 to 2021 from the Sub-Registrar GANDHINAGAR by receipt No. 2021048003906 dated 19/01/2021 and then After I have taken the declaration dated 22/01/2021 from land holders and have gone through relevant papers and have Investigated the title to the Non Agricultural property belonging to "ORIGIN INFRA" Throught its Partner.. SHRI AMARATBHAI NATHABHAI PATEL Who is owner of above Non Agricultural land bearing Re- Block No. 367 ( Old Block No. 284/B i.e. Old Survey No. 184/2 Paiki And 184/1 ) admeasuring about 10383 sq.mtrs. land covered under Draft D.P & T.P. Scheme and allotted Final Plot No.284/2/1 & Final Plot No.284/2/2 paiki Final Plot No. 284/2/1 admeasuring about 3115 sq. mtrs land thereabouts situate, lying & being at Mouje TARAPUR Village in the Registration District GANDHINAGAR and Sub-District GANDHINAGAR. which is more particularly described in the Schedule here under written and have found the same to be clear, marketable and free from reasonable doubts and encumbrances subject to the...

[1]... To maintain and fulfillment the terms and conditions stipulated in the Non-Agricultural Permission dated-26/03/2020 & Development Permission dated-19/01/2021.

[2]... Verification of Town Planning Scheme & Draft Planning scheme.

[3]... Any other Law, Rules, Acts, Applicable in force.

**NOTE :-**

Please note that the registration record of the year 1990 to 2006 of sub registrar's office is destroyed / torn out. Hence it can not be inspected and its search is not available. That the computerized record is not well prepared / maintained by state government agency and hence may be erroneous

Scanned with CamScanner

## THE SCHEDULE ABOVE REFERRED TO

All the piece of parcel of Non Agricultural land bearing Re- Block No. 367(Old Block No. 284/B i.e. Old Survey No. 184/2 Paiki And 184/1 ) admeasuring about 10383 sq.mtrs. land covered under Draft D.P & T.P. Scheme and allotted Final Plot No.284/2/1 & Final Plot No.284/2/2 paiki Final Plot No. 284/2/1 admeasuring about 3115 sq. mtrs land thereabouts situate, lying & being at Mouje TARAPUR Village in the Registration District GANDHINAGAR and Sub-District GANDHINAGAR.

**Dated This 22 Day of January, 2021**

N. K. PATEL ADVOCATE G/425/1977

**[ N. K. PATEL]**
**Advocate**

Scanned with CamScanner

# NATWARLAL K. PATEL

**B.Com., LL.B., Advocate**

E.NO. G/425/1977.

GAWF NO. AM/GRT/21251 Date:- 14/07/2005

**Office**:- 324 to 326, 3rd Floor, "SHUKAN MALL", Nr. Visat Petrol Pump,Sabarmati, Ahmedabad - 380005.
**Ph.** : 079-27500560, **Mo.** : 9558026999, Email :- nkpatel1953@gmail.com

Date : 19/ 01 / 2021

## સર્ચ રીપોર્ટ

પ્રતિ,

N. K. PATEL ADVOCATE G/425/1977

**"ORIGIN INFRA"**
ઓફીસઃ- સર્વે નં.૩૧,તારાપુર ગામની સામે,
એસ.જી. હાઈવે,ગાંધીનગર-૩૮૨૪૨૧.

બાબતઃ- રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડિસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના મોજે તારાપુરા ગામની સીમના રી-બ્લોક નં.૩૬૭ (જુના બ્લોક નં.૨૮૪/બ) ની ૧૦૩૮૩ સ.ચો.મીટર જમીનને ડ્રાફટ ટી.પી./ડી.પી.સ્કીમમા આવરી લેતા ટી.પી./ડી.પી. સ્કીમની રૂઈએ ૪૦ ટકા પ્રમાણેની કપાત કરતા બાકી રહેતી ૬૦ ટકા પ્રમાણેની ફા.પ્લોટ નં. ૨૮૪/૨/૧ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન તથા ફા.પ્લોટ નં.૨૮૪/૨/૨ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન પૈકી **ફકત ફા.પ્લોટ નં. <u>૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન અંગેનો સર્ચ રીપોર્ટ</u>**

આપની સુચનાથી અમોએ મોજે તારાપુરા ગામની સીમના રી-બ્લોક નં.૩૬૭ (જુના બ્લોક નં.૨૮૪/બ) ની ૧૦૩૮૩ સ.ચો.મીટર જમીનને ડ્રાફટ ટી.પી./ડી.પી.સ્કીમમા આવરી લેતા ટી.પી./ડી.પી. સ્કીમની રૂઈએ ૪૦ ટકા પ્રમાણેની કપાત કરતા બાકી રહેતી ૬૦ ટકા પ્રમાણેની ફા.પ્લોટ નં. ૨૮૪/૨/૧ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન તથા ફા.પ્લોટ નં.૨૮૪/૨/૨ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન પૈકી **ફકત ફા.પ્લોટ નં.૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન** અંગેનુ ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ છેલ્લા ૩૦ વર્ષના મે.તલાટીના રેકર્ડ તથા મે.મામલતદાર સાહેબ,ઈ-ધરાના રેકર્ડ તથા ૩૦ વર્ષ સુધીના ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાંથી સદર જમીન અંગેની તા.૦૫/૧૦/૨૦૨૦ તથા ૧૯/૦૧/૨૦૨૧ ના રોજ સર્ચ કરાવી તેના કાગળો,દસ્તાવેજો,એન્ટ્રીઓ તથા સર્ચના આધારે અને આપે તા.૧૯/૦૧/૨૦૨૧ ના રોજ કરી આપેલ ડેકલેરેશનના આધારે સદર રી-બ્લોક નંબરની જમીનના ફા. પ્લોટ નં. ૨૮૪/૨/૧ ની જમીન અંગેનો સર્ચ રીપોર્ટ અમારા માનવા અને જાણવા પ્રમાણે અમો નીચે પ્રમાણે આપીએ છીએ.

(૧)..મજકુર તારાપુર ગામની સીમની નમુના નં.૬ ની નોંધ નં.૪૯૯ પહેલાનુ રેકર્ડ આઢળ થયેલ ન હોઈ નકલ આપી શકાય તેમ નથી.તે અંગેનુ પ્રમાણપત્ર મે. મામલતદાર સાહેબ,ગાંધીનગરનાએ તા.૨૩/૦૧/૨૦૧૮ ના રોજ આપેલ છે.

(૨)..મજકુર રી-બ્લોક નં.૩૬૭ ના જુના બ્લોક નં.૨૮૪ ના જુના સર્વે નં. ૧૮૪/૧ ની એકર,૧-૦૦ ગુઠા નવી શરતની ખેતીની જમીન પ્રથમ સને ૧૯૫૧ ની સાલથી શ્રી માતુજી હીરાજીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા આવેલી હતી.

(૩)..મજકુર રી-બ્લોક નં.૩૬૭ ના જુના બ્લોક નં.૨૮૪ ના જુના સર્વે નં. ૧૮૪/૨ ની એકર,૨-૨૨ ગુઠા જુની શરતની ખેતીની જમીન પ્રથમ સને ૧૯૪૪ ની સાલ અગાઉ એકશ્રી શાંતી મહેરાજીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા આવેલી હતી.

(૪)..મજકુર સર્વે નં.૧૮૪/૨ ની જમીનના રેકર્ડમા બીજા હકકમા તગાવી તારણની નોંધ કરવામા આવેલી છે.

(૫)..મજકુર તારાપુર ગામની સીમની નમુના નં.૬ ની નોંધ નં.૫૧૪ પહેલાનુ રેકર્ડ આઢળ થયેલ ન હોઈ નકલ આપી શકાય તેમ નથી.તે અંગેનુ પ્રમાણપત્ર મે. મામલતદાર સાહેબ,ગાંધીનગરનાએ તા.૨૧/૧૦/૨૦૨૦ ના રોજ આપેલ છે.

(૬)..ત્યારબાદ મજકુર સર્વે નં.૧૮૪/૨ ના જમીનના માલીક શ્રી શાંતી મહેરાજીનુ તા.૦૮/૦૭/૧૯૪૪ ના રોજ અવસાન થવાથી વારસાઈ હકકની રૂઈએ શ્રી કાળાજી મહેરાજીના વાલી પણા નીચે બાઈ જડીનુ નામ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૬૨૫ થી તા.૦૩/૦૨/૧૯૪૬ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૭)..ત્યારબાદ મજકુર સર્વે નં.૧૮૪/૧ ની જમીનના રેકર્ડ ઓફ રાઈટસમાં બીજા હકકમાં જમીનના ભાગલા પડતા અટકાવવા અને તેનુ એકત્રીકરણ કરવા માટે સને ૧૯૪૭ ના કાયદાની કલમ-૫ મુજબ સદર દસ્તાવેજવાળી જમીનનુ ક્ષેત્રફળ જરાયત જમીન તરીકે બે એકરથી ઓછુ હોઈ તાલુકા સરકયુલરના હુકમ નં.એલ.એન.ડી.તા.-૫૧ મુજબ ટુકડા ધારા હેઠળ "ટુકડા" તરીકેની નોંધ એન્ટ્રી નં.૬૮૦ થી તા.૨૬/૦૪/૧૯૫૧ ના રોજ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૮)..ત્યારબાદ મજકુર સર્વે નં.૧૮૪/૨ ની જમીનના માલીકો પૈકી શ્રી કાળાજી મહેરાજી સને ૧૯૪૮ ની સાલના અરસામા અવસાન થવાથી તેમના અવસાન સમયે તેમની દિકરીઓ સગીર શકરીબેન કાળાજી તથા સગીર જડીબેન શાંતાજીના વાલી સોમાજી દેશળજી તથા તેમના પત્ની તથા અન્ય વારસદારો હોવાથી પરંતુ મજકુર શ્રી કાળાજી મહેરાજીની પત્ની તથા અન્ય વારસદારોની સંમતી જવાબના આધારે

મજકુર જમીનના રેકર્ડમા વારસાઈ હકકની રૂઈએ કબજેદારના કોલમમા સગીર શકરીબેન કાળાજી તથા સગીર જડીબેન શાંતાજીના પાલન કર્તા સોમાજી દેશળજીનુ નામ રેકર્ડમા એન્ટ્રી નં.૭૩૦ થી તા.૨૭/૦૩/૧૯૫૩ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૯)..ત્યારબાદ મજકુર સર્વે નં.૧૮૪/૨ ની જમીનના માલીકો શકરીબેન કાળાજી તથા જડીબેન શાંતાજીના વાલી સોમાજી દેશળજીનો જવાબ લઈ સામાઈક ભાગીદારો તરીકે મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા શ્રી સોમાજી દેશળજી તથા શ્રી સેંધાજી થાનાજી તથા શ્રી ભેમાજી કાનાજીનો ભાઈઓ ભાગ હોવાથી તેઓના સંયુકત નામ એન્ટ્રી નં.૧૦૬૩ થી તા.૨૯/૦૪/૧૯૫૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૧૦)..ત્યારબાદ મજકુર તારાપુર ગામની તમામ સર્વે નંબરોની જમીનોને એકત્રીકરણમાં આવરી લેવા અંગે મે.સેટલમેન્ટ કમીશ્નર અને ડાયરેકટર ઓફ લેન્ડ રેકર્ડ સાબ બહાદુર સાહેબ,અમદાવાદના નં.કોન/અમદાવાદ-૧૦૧ થી તા. ૧૭/૦૧/૧૯૬૨ ના રોજથી સને ૧૯૪૭ ના મુબઈ ખાતાના ટુકડા થતા અટકાવવા તથા તેના એકત્રીકરણ બાબતનો અધીનીયમ મુજબની જાહેરાત ગુજરાત સરકારના રાજય-૫ ભાગ-૧ ના પાના નં.૧૯૬ થી તા.૨૫/૦૧/૧૯૬૨ ના રોજ પ્રસિધ્ધ થયા મુજબ સદર ગામે તેઓ તરફથી એકત્રીકરણ દર્શાવતુ પત્રક સદર ગામે આવતા મજકુર પત્રકના આધારે એકત્રીકરણની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં એન્ટ્રી નં.૧૧૨૨ થી તા.૧૦/૦૮/૧૯૬૩ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૬/૧૧/૧૯૬૩ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.મજકુર એકત્રીકરણની રૂઈએ સર્વે નં.૧૮૪/૧ ની એકર,૧-૦૦ ગુઠા યાને ૪૦૪૭ સ.ચો.મીટર જમીન તથા સર્વે નં.૧૮૪/૨ ની એકર,૨-૨૨ ગુઠા જમીન પૈકી એકર,૧-૨૨ ગુઠા યાને ૬૨૭૩ સ.ચો.મીટર જમીન મળી કુલે- ૧૦૩૨૦ સ.ચો.મીટર ખેતીની જમીનને બ્લોક નં.૨૮૪ આપવામા આવેલો.તેમજ મજકુર બ્લોક નં.૨૮૪ ની જમીનના ૭ અને ૧૨ ના રેકર્ડમા કબજેદારના કોલમમા શકરીબેન કાળાજી તથા જડીબેન શાંતાજીના વાલી સોમાજી દેશળજી તથા શ્રી સોમાજી દેશળજી તથા શ્રી સેંધાજી થાનાજી તથા શ્રી ભેમાજી કાનાજીના સંયુકત નામ દાખલ કરવામા આવેલા.

(૧૧)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શ્રી ભેમાજી કાનાજી યાને કાંતીજીનુ સને ૧૯૭૮ ની સાલના અરસામા બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મરહુમ શ્રી ભેમાજી કાનાજી યાને કાંતીજીના અવસાન સમયે તેમના તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે કમળાબેન તે ભેમાજી કાંતીજીની વિધવા તથા સગીર ધુળાજી ભેમાજીના પાલન કર્તા કમળાબેન ભેમાજી સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ કમળાબેન તે ભેમાજી કાંતીજીની વિધવા તથા સગીર ધુળાજી ભેમાજીના પાલન કર્તા કમળાબેન ભેમાજીના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં દાખલ કરવા માટે મે. તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ,પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૧૪૮૮ થી તા.૨૦/૦૩/૧૯૮૦ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૨)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડમા સહ ભાગીદારો તરીકે નામ દાખલ કરવા માટેની નોંધ નં.૧૪૮૯ લાગતા વળગતા અધિકારી દ્વારા રદ કરવામા આવેલી છે.

(૧૩)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શ્રી સેંધાજી થાનાજીનુ સને ૧૯૮૦ ની સાલના અરસામા બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મરહુમ શ્રી સેંધાજી થાનાજીના અવસાન સમયે તેમના તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે શ્રી ડાહયાજી સેંધાજી તથા શ્રી ચંદુજી સેંધાજી તથા શ્રી મંગાજી સેંધાજી તથા ધુળીબેન તે સેંધાજી થાનાજીની વિધવા સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ શ્રી ડાહયાજી સેંધાજી વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ,પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૧૫૪૯ થી તા.૨૫/૦૩/૧૯૮૨ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૨૭/૦૪/૧૯૮૨ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૪)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શ્રી સોમાજી દેશળજીનુ તા. ૨૯/૦૭/૧૯૯૩ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.તેમજ મરહુમ શ્રી સોમાજી દેશળજીના પુત્ર શ્રી શનાજી સોમાજીનુ પણ બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મરહુમ શ્રી સોમાજી દેશળજી તથા શ્રી શનાજી સોમાજીના અવસાન સમયે તેમના તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે શ્રી મગનજી સોમાજી તથા શ્રી આતાજી શનાજી તથા શ્રી અરજણજી શનાજી તથા લક્ષ્મીબેન તે શનાજી સોમાજીની વિધવા સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ શ્રી આતાજી શનાજી વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ, પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં. ૧૮૯૯ થી તા. ૦૭/૧૦/૧૯૯૫ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૧૪/૧૧/૧૯૯૫ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૫)..ત્યારબાદ મજકુર જુના બ્લોક નં.૨૮૪ ની એકર,૨-૨૨ ગુઠા યાને ૧૦૩૨૦સ.ચો.મીટર "નવી શરત" ની ખેતીની જમીન અંગે મજકુર જમીનના માલીકોએ મજકુર "નવી શરત" ની જમીનમાં ખેતી ખેતી માટે "જુની શરત" માં ટ્રાન્સફર કરવા માટેની પરવાનગી મેળવવા માટે મે.મામલતદારશ્રી ગાંધીનગરની કચેરીમા અરજી કરતા ગાંધીનગરના મે.મામલતદારશ્રી સાહેબના હુકમ નં. એસ.આર./ ૧૮૪/૦૩ થી તા.૧૪/૦૮/૨૦૦૩ ના રોજના હુકમના આધારે જરૂરી પટ્ટની રકમ લઈ મજકુર જમીનના રેકર્ડમાંથી "નવી શરત"શબ્દ દુર કરવા તેમજ સદર જમીન "બીનખેતીના પ્રસંગે પ્રીમીયમને પાત્ર" રહેશે તે શરતે હુકમ કરેલ છે.મજકુર હુકમની નોંધ રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૨૧૩૯ થી તા. ૧૮/૦૮/૨૦૦૩ ના રોજ કરી સદર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.ત્યારથી મજકુર જુના બ્લોક નં.૨૮૪ ની ૧૦૩૨૦ સ.ચો.મીટર જમીનના બીજા હકકમા "માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર" એવી નોંધ કરવામા આવેલી છે.

(૧૬)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શ્રી અરજણજી શનાજીનુ તા. ૨૧/૦૪/૨૦૦૪ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.તેમજ મરહુમ શ્રી અરજણજી શનાજીના અવસાન સમયે તેમના તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે જીવતબેન તે અરજણજી શનાજીની વિધવા તથા શ્રી વિષ્નુજી અરજણજી તથા શ્રી કમલેશજી અરજણજી તથા શ્રી મહેન્દ્રજી અરજણજી તથા સજનબેન તે અરજણજી શનાજીની દિકરી સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ જીવતબેન તે અરજણજી શનાજીની વિધવા વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ, પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૨૨૪૬ થી તા.૨૫/૦૮/૨૦૦૪ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા. ૧૩/૧૦/૨૦૦૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૭)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક સજનબેન તે અરજણજી શનાજીની દિકરીએ સદર જમીનમાથી તેણીના વગર વહેચાયેલ હકક હિસ્સા રાજીખુશીથી તેમના ભાઈઓ શ્રી વિષ્નુજી અરજણજી વિગેરેની તરફેણમાં જતા કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી તથા જવાબ આપવાથી મજકુર સજનબેન તે અરજણજી શનાજીની દિકરીનુ નામ રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમાથી એન્ટ્રી નં.૨૨૪૭ થી તા.૨૫/૦૮/૨૦૦૪ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૧૩/૧૦/૨૦૦૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૮)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શ્રી ડાહયાજી સેંધાજીનુ તા.૦૯/૧૨/૨૦૦૨ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.તેમજ મરહુમ શ્રી ડાહયાજી સેંધાજીના અવસાન સમયે તેમના તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે મંગુબેન ડાહયાજી તથા અરખીબેન ડાહયાજી સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો, પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ મંગુબેન ડાહયાજી તથા અરખીબેન ડાહયાજીના સંયુકત નામ રેકર્ડઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં દાખલ કરવા માટે મે.તલાટી સાહેબ રૂબરૂ અરજી,જવાબ, પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૨૨૫૧ થી તા.૧૪/૧૦/૨૦૦૪ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૧૯)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક જડીબેન તે શાંતીજી મહેરાજીની દિકરી અને શ્રી મંગાજી મગનજી ઠાકોરની પત્નીએ તેણીની હયાતીમા તેણીના વારસદારો યાને પુત્રો શ્રી ગોવિંદજી મંગાજી તથા શ્રી બાબુજી મંગાજીના સંયુકત નામ તેણીના નામ સાથે મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા દાખલ કરવા માટે મે.મામલતદાર સાહેબ,ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,સોગંદનામુ તથા મજકુર શ્રી ગોવિંદજી મંગાજી વિગેરેની બહેનોએ તા.૨૫/૦૨/૨૦૧૦ ના રોજ કરી આપેલ સોગંદનામુ રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૨૬૮૯ થી તા.૨૩/૧૧/૨૦૦૯ ના રોજ જડીબેન તે શાંતીજી મહેરાજીની દિકરીના નામ સાથે સહ ભાગીદારો તરીકે શ્રી ગોવિંદજી મંગાજી તથા શ્રી બાબુજી મંગાજીના સંયુકત નામ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૦૮/૦૩/૨૦૧૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૦)..ત્યારબાદ મજકુર જુના બ્લોક નં.૨૮૪ ની ૧૦૩૨૦ સ.ચો.મીટર માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી મનુજી પોપટજી ઉર્ફે રમણજી પોપટજી વિગેરેએ સાથે મળી શ્રી અમિત સાંકળચંદ પટેલ વિગેરેને વેચાણ આપવાનુ નકકી કરીને તા.૧૦/૦૧/૨૦૧૧ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ કરાર ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૩૫૩ થી તે જ તારીખે નોંધાવી કરી આપેલો છે.

(૨૧)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી સહ માલીક શકરીબેન તે કાળાજીની દિકરી અને શ્રી પોપટજી સોમાજીની વિધવા પત્નીનુ તા.૨૪/૦૩/૨૦૧૦ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.તેમજ મરહુમ શકરીબેન તે કાળાજીની દિકરી અને શ્રી પોપટજી સોમાજીની વિધવા પત્નીના પુત્ર શ્રી રમેશજી પોપટજીનુ પણ બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મરહુમ શકરીબેન તે કાળાજીની દિકરી અને શ્રી પોપટજી સોમાજીની વિધવા પત્ની તથા શ્રી રમેશજી પોપટજીના અવસાન સમયે તેમના કાયદેસરના સીધી લીટીના વારસદારો તરીકે શ્રી રમણજી પોપટજી તથા શ્રી બાબુજી પોપટજી તથા કોકીલાબેન પોપટજી તથા શ્રી ખોડાજી પોપટજી તથા શ્રી વિષ્ણુજી પોપટજી તથા શાંતાબેન તે રમેશજી પોપટજીની વિધવા પત્ની તથા સગીર કિંજલ રમેશજી તથા સગીર ક્રિષ્ના રમેશજી તથા સગીર નીલમ રમેશજી સિવાય બીજા કોઈ વારસદારોમાં પુત્રો,પત્ની કે પુત્રીઓ કે મરહુમ પુત્રો કે પુત્રીઓની સંતતી ન હતી અને નથી.જેથી વારસાઈ હકકની રૂઈએ શ્રી રમણજી પોપટજી વિગેરેના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાં દાખલ કરવા માટે મે.મામલતદાર સાહેબ,ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,સોગંદનામુ, પેઢીનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી રેકર્ડમા એન્ટ્રી નં.૨૮૬૨ થી તા. ૨૯/૦૧/૨૦૧૧ ના રોજ દાખલ કરી મજકુર એન્ટ્રી તા.૦૨/૦૪/૨૦૧૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૨)..ત્યારબાદ મજકુર જમીનના માલીકો પૈકી ધુળીબેન તે સેંધાજી થાનાજીની વિધવાનુ તા. ૧૫/૦૪/૧૯૯૧ ના રોજ તથા કમળાબેન તે ભેમાજી કાનાજીની વિધવાનુ તા.૧૧/૧૧/૨૦૦૪ ના રોજ તથા શ્રી મગનજી સોમાજી ઠાકોરનુ તા.૧૧/૦૪/૨૦૦૬ ના રોજ બીનવસીયતે અવસાન થયેલુ.જેથી મજકુર જમીનના અન્ય સહ હિસ્સેદારોએ મરહુમ ધુળીબેન તે સેંધાજી થાનાજીની વિધવા તથા કમળાબેન તે ભેમાજી કાનાજીની વિધવા તથા શ્રી મગનજી સોમાજી ઠાકોરના સંયુકત નામ રેકર્ડ ઓફ રાઈટસમાં કબજેદારના કોલમમાંથી કમી કરવા માટે મે.મામલતદાર સાહેબ,ઈ-ધરા કેન્દ્રની કચેરી રૂબરૂ અરજી,સોગંદનામુ તથા મરણનો દાખલો રજુ કરવાથી મરહુમ ધુળીબેન તે સેંધાજી થાનાજીની વિધવા તથા કમળાબેન તે ભેમાજી કાનાજીની વિધવા તથા શ્રી મગનજી સોમાજી ઠાકોરના સંયુકત નામ એન્ટ્રી નં.૨૮૬૪ થી તા.૦૨/૦૨/૨૦૧૧ ના રોજ કમી કરી સદર એન્ટ્રી તા.૦૯/૦૬/૨૦૧૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલી છે.

(૨૩)..ત્યારબાદ મજકુર તા.૧૦/૦૧/૨૦૧૧ ના રોજ કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ કરારની શરતોને આધીન મજકુર જુના બ્લોક નં.૨૮૪ ની ૧૦૩૨૦ સ.ચો.મીટર માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી જુની શરતની ખેતીની જમીન તેના માલીકો કોકીલાબેન પોપટજી તથા નીલમ રમેશજી તથા શ્રી બાબુજી મંગાજી તથા લક્ષ્મીબેન તે શનાજીની વિધવા તથા શ્રી રમણજી પોપટજી તથા

શ્રી વિષ્ણુજી અરજણજી તથા શ્રી ચંદુજી સેંધાજી તથા શ્રી ગોવિંદજી મંગાજી તથા શ્રી બાબુજી પોપટજી તથા શ્રી ખોડાજી પોપટજી તથા કિંજલ રમેશજી તથા ક્રિષ્ના રમેશજી તથા મંગુબેન ડાહયાજી તથા સીતાબેન તે રમેશજી પોપટજીની વિધવા તથા શ્રી મહેન્દ્રજી અરજણજી તથા શ્રી આતાજી શનાજી તથા શ્રી વિષ્ણુજી પોપટજી તથા જીવતબેન તે અરજણજીની વિધવા તથા સગીર ધુળાજી ભેમાજીના પાલનકર્તા કમળાબેન તથા શ્રી મંગાજી સેંધાજી તથા અરખીબેન ડાહયાજી તથા શ્રી કમલેશજી અરજણજી પાસેથી શ્રી અમિત સાંકળચંદ પટેલ (વગર વહેચાયેલ ૨૫ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી મિતેષ સાંકળચંદ પટેલ (વગર વહેચાયેલ ૨૫ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી રાજેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ (વગર વહેચાયેલ ૧૫ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી હરગોવનભાઈ ચતુરભાઈ પટેલ (વગર વહેચાયેલ ૦૮ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી સુરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (વગર વહેચાયેલ ૧૦ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી ભદ્રેશ માણેકલાલ ત્રિવેદી (વગર વહેચાયેલ ૦૯ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી અરવિંદભાઈ ભોળાભાઈ પટેલ (વગર વહેચાયેલ ૦૮ પૈસાના હિસ્સેદાર) એમ દરેકે સાથે મળી દરેકની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા.૨૩/૦૬/૨૦૧૧ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૭૩૩૧ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા શ્રી અમિત સાંકળચંદ પટેલ વિગેરેના સંયુકત નામ એન્ટ્રી નં.૨૯૦૬ થી તા.૨૩/૦૬/૨૦૧૧ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૧૩/૧૦/૨૦૧૧ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

વધુમા મજકુર જમીનના માલીકો શ્રી રમણજી પોપટજી ઉર્ફે મનુજી પોપટજી વિગેરેએ શ્રી અમીતભાઈ સાંકળચંદ પટેલ વિગેરેની તરફેણમા તા.૨૩/૦૬/૨૦૧૧ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર રીતસરનો રજીસ્ટર્ડ ઈન્ડેમ્નીટી બોન્ડનો લેખ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૭૩૩૩ થી તે જ તારીખે નોંધાવી કરી આપેલ છે.

વધુમા મજકુર જમીનના માલીકો શ્રી રમણજી પોપટજી ઉર્ફે મનુજી પોપટજી વિગેરેએ તા.૨૩/૦૬/૨૦૧૧ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર રીતસરનો રજીસ્ટર્ડ જનરલ પાવર ઓફ એટર્ની ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૭૩૩૪ થી તે જ તારીખે નોંધાવી શ્રી અમીતભાઈ સાંકળચંદ પટેલને મજકુર જમીન અંગેની તમામ કાર્યવાહીઓ કરવા માટે સત્તા અને અધિકારો આપેલા.

વધુમા મજકુર જમીનના માલીકોના વારસદારોએ મજકુર જમીન અંગે શ્રી અમીતભાઈ સાંકળચંદ પટેલ વિગેરેએ તા.૨૩/૦૬/૨૦૧૧ ના રોજ કરાવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કબુલાતના લખાણો જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ સહીઓ કરી આપી કરી આપેલ છે.

(૨૪)..ત્યારબાદ મે.ડી.આઈ.એલ.આર.સાહેબ,ગાંધીનગરના હુકમ નં. વશી/અકય/૨૦૧૩ થી તા.૦૧/૦૬/૨૦૧૩ ના રોજના હુકમથી તથા મે.અધિક સચીવશ્રીના તા.૦૫/૦૬/૨૦૧૩ ના રોજના પત્રથી તથા મે.કલેકટર સાહેબ, ગાંધીનગરના તા.૧૭/૦૭/૨૦૧૩ ના પત્રથી સદર જમીનના રેકર્ડમા વેરીએશનની નોંધ પાડવા સુચના આપતા દુરસ્તી પત્ર નં.૧૪ ના આધારે મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૩૧૩૨ થી તા.૧૪/૧૧/૨૦૧૩ ના રોજ સદર હુકમની નોંધ પાડી સદર એન્ટ્રી તા.૦૧/૦૨/૨૦૧૪ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.મજકુર

વેરીએશનના આધારે નવો બ્લોક નં.૨૮૪/બ ની ૧૦૩૨૦ સ.ચો.મીટર આકાર,૬-૬૨ પૈસાવાળી જમીન શ્રી અમીત સાંકળચંદ પટેલ વિગેરેના સંયુકત ખાતે દાખલ કરવામા આવેલી છે.

(૨૫)..ત્યારબાદ સરકાર દ્વારા રી-સર્વે સબંધી તૈયાર થયેલ નવા રેકર્ડની સોટકા ખરાઈ મે.પ્રાંત અધીકારી સાહેબશ્રી,ગાંધીનગર દ્વારા કર્યા બાદ એસ.એલ. આર.(સુપ્રિટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકર્ડસ) ઓફીસર ગાંધીનગરના શ્રી આર.વી.વ્યાસ (એસ.એલ.આર.) દ્વારા ચકાસણી કરી હુકમ નં.પીઓ/રી-સર્વે/પ્રમોલગેશન/તારાપુર/૧૭ થી તા.૨૮/૦૬/૨૦૧૭ ના રોજના હુકમની નવુ તૈયાર કરેલ રી-સર્વે સબંધી રેકર્ડનુ પ્રમોલગેશન કરી આખરી કરવામા આવેલ છે.જે મુજબ નવા-જુના બ્લોક નંબર/ક્ષેત્રફળ/આકાર/કબજેદારની વિગતો અલગથી પત્રકમા સામેલ છે તે સાથે તારાપુર ગામના સર્વે નં.૦ થી સર્વે નં.૯૦૧૮ એમ કુલ પાનીયા ૪૧૬ ના પ્રમોલગેશનની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૩૪૪૧ થી તા.૦૧/૦૮/૨૦૧૭ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૨૭/૦૯/૨૦૧૭ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.મજકુર પ્રમોલગેશન યાને રી-સર્વેના આધારે મજકુર બ્લોક નં.૨૮૪/બ ની ૧૦૩૨૦ સ.ચો.મીટર જમીનને રી-સર્વે પ્રમાણે રી-બ્લોક નં.૩૬૭ ની ૧૦૩૨૦સ.ચો.મીટર આકાર, ૬-૫૬ પૈસાવાળી જમીનના રેકર્ડમા તેના માલીકો શ્રી અમીત સાંકળચંદ પટેલ વિગેરેના સંયુક્ત નામ દાખલ કરવામા આવેલી છે.

(૨૬)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડમા મે.ડી.આઈ.એલ.આર.સાહેબ ગાંધીનગરના દુરસ્તીપત્રક નં.૧૫ તથા નં.કે.જે.પી./એસ.આર./ગાંધી/૨૨૮/૨૦૧૮/૧૯ થી તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ કે.જે.પી.દુરસ્તીની નોંધ નં.૩૬૨૭ થી તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૬/૦૬/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.મજકુર દુરસ્તીના આધારે રી-બ્લોક નં.૩૬૭ ની ૧૦૩૨૦સ.ચો.મીટર જમીનને દુરસ્તી થયા પછી રી-બ્લોક નં.૩૬૭ ની ૧૦૩૮૩ સ.ચો.મીટર જમીન ફેરફાર કરવામા આવેલ છે.

(૨૭)..ત્યારબાદ મજકુર જમીનના રેકર્ડમા કબજેદારના કોલમમા પાડવામા આવેલ વેચાણ અંગેની એન્ટ્રી નં.૩૭૦૫ તા.૦૭/૧૧/૨૦૧૯ ના રોજ નોંધના વિવરણમા ક્ષતી થયેલ હોઈ તા.૦૭/૧૧/૨૦૧૯ ના રોજ "રદ" કરવામા આવેલ છે.

(૨૮)..ત્યારબાદ મજકુર રી-બ્લોક નં.૩૬૭ ની ૧૦૩૮૩ સ.ચો.મીટર માત્ર બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી જુની શરતની ખેતીની જમીન જેને ડ્રાફટ ટી.પી.સ્કીમમા આવરી લેતા મળવા પાત્ર ફા.પ્લોટ નં.૨૮૪/૨ ની ૬૨૩૦સ.ચો.મીટર જુની શરતની ખેતીની જમીન તેના માલીકો શ્રી અમિત સાંકળચંદ પટેલ (વગર વહેચાયેલ ૨૫ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી મિતેષ સાંકળચંદ પટેલ (વગર વહેચાયેલ ૨૫ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી રાજેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પટેલ (વગર વહેચાયેલ ૧૫ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી હરગોવનભાઈ ચતુરભાઈ પટેલ (વગર વહેચાયેલ ૦૮ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી સુરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (વગર વહેચાયેલ ૧૦ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી ભદ્રેશ માણેકલાલ ત્રિવેદી (વગર વહેચાયેલ ૦૯ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી અરવિંદભાઈ ભોળાભાઈ પટેલ (વગર વહેચાયેલ ૦૮ પૈસાના હિસ્સેદાર) પાસેથી શ્રી નિસર્ગ હસમુખભાઈ પટેલ (૧૦૦ પૈસાના વરાડે ૫૦ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી પરેશભાઈ અમૃતભાઈ પટેલ (૧૦૦ પૈસાના વરાડે ૧૫

પૈસાના હિસ્સેદાર) તથા શ્રી રાજેશભાઈ ઠાકરશીભાઈ પ્રજાપતિ (૧૦૦ પૈસાના વરાડે ૧૮ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી મનીષભાઈ તુલશીભાઈ પટેલ (૧૦૦ પૈસાના વરાડે ૦૯ પૈસાના હિસ્સેદાર) તથા શ્રી દશરથભાઈ ગોવિંદભાઈ પટેલ (૧૦૦ પૈસાના વરાડે ૦૮ પૈસાના હિસ્સેદાર) એમ દરેકે સાથે મળી દરેકની સ્વપાર્જીત જાત કમાણીની આવકના નાણામાંથી ભાગે પડતી રકમો ચુકવી તા. ૦૯/૦૯/૨૦૧૯ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૨૨૫૧૨ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટમા કબજેદારના કોલમમા શ્રી નિસર્ગ હસમુખભાઈ પટેલ વિગેરેના સંયુકત નામ એન્ટ્રી નં.૩૭૦૭ થી તા.૨૪/૦૯/૨૦૧૯ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૨૯)..ત્યારબાદ મે.જીલ્લા કલેકટર સાહેબ,ગાંધીનગરના હુકમ ક્રમાંક નં.૫૩૮/૦૬/૦૩/૦૪૦/૨૦૨૦ થી તા.૨૩/૦૩/૨૦૨૦ ના રોજના હુકમના આધારે સદર જમીનનો બીનખેતી હેતુ માટે ઉપયોગ કરવા માટે સરકારમા ભરવાની થતી પ્રિમીયમની રકમ રૂા.૧,૬૬,૩૪,૧૦૦/- પુરાની રકમ જમા કરાવતા સદર હુકમની નોંધ મજકુર જમીનના રેકર્ડમા એન્ટ્રી નં.૩૮૮૧ થી તા.૨૩/૦૩/૨૦૨૦ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩૦)..તે અગાઉ મજકુર રી-બ્લોક નં.૩૬૭ ની ૧૦૩૮૩ સ.ચો.મીટર જમીનના ટી.પી.સ્કીમની રૂઈએ મળવા પાત્ર ફા.પ્લોટ પ્રમાણેની ૬૨૩૦ સ.ચો.મીટર ખેતીની જમીનમા બીનખેતીનો ઉપયોગ કરવા માટેની પરવાનગી મેળવવા માટે ગાંધીનગરના મે.કલેકટર સાહેબની કચેરીમા તા.૦૩/૦૨/૨૦૨૦ ના રોજ ઓનલાઈન અરજી કરતા ગાંધીનગરના મે. કલેકટર સાહેબે તેમના હુકમ નં.૫૪૩/૦૬/૦૩/૦૪૦/૨૦૨૦ થી તા.૨૬/૦૩/૨૦૨૦ ના રોજ આપેલી છે.મજકુર એન.એ. ની નોંધ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા એન્ટ્રી નં.૩૮૮૨ થી તા.૨૬/૦૩/૨૦૨૦ ના રોજ કરી સદર એન્ટ્રી તા.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્રારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩૧)..ત્યારબાદ મજકુર રી-બ્લોક નં.૩૬૭ (જુના બ્લોક નં.૨૮૪/બ)ની ૧૦૩૮૩ સ.ચો.મીટર જમીનને ડ્રાફટ ટી.પી./ડી.પી.સ્કીમમા આવરી લેતા ટી.પી./ડી.પી. સ્કીમની રૂઈએ ૪૦ ટકા પ્રમાણેની કપાત કરતા બાકી રહેતી ૬૦ ટકા પ્રમાણેની ફા.પ્લોટ નં.૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન તથા ફા.પ્લોટ નં.૨૮૪/૨/૨ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન અંગે ગાંધીનગર અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીમા માપણી શીટની નકલ કઢાવતા મે.સીનીયર નગર નિયોજકશ્રી સાહેબે તેમના પત્ર નં.ગુડા/ટિકનીકલ/૩૩૫૭/૨૦૨૦ થી તા. ૦૪/૦૭/૨૦૨૦ ના રોજ માપણી શીટ આપેલી છે અને મજકુર માપણી શીટમા જણાવ્યા પ્રમાણે મજકુર ફા.પ્લોટ નં. ૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર જમીન તથા ફા.પ્લોટ નં.૨૮૪/૨/૨ ની ૩૧૧૫ સ.ચો.મીટર જમીન અલગ અલગ ફાળવી આપેલ છે.

(૩૨)..મજકુર જમીનના રેકર્ડમા અગાઉ સ્વ.ભેમાજી કાંતીજીના અવસાનથી વારસાઈ હકકની રૂઈએ તેમના વારસદારો કમળાબેન તે ભેમાજી કાંતીજીની વિધવા તથા સગીર ધુળાજી ભેમાજીનુ નામ

એન્ટ્રી નં.૧૪૮૮ થી તા.૨૦/૦૩/૧૯૮૦ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી પ્રમાણીત કરવામા આવેલી.પરંતુ જે તે સમયે મજકુર એન્ટ્રી નં.૧૪૮૮ મા સ્વ.ભેમાજી કાંતીજીના વારસદારો પૈકી એક વારસદાર શ્રી જેસંગજી ભેમાજી ઠાકોરનુ નામ જે તે સમયે રેકર્ડમા દાખલ કરવાનુ રહી ગયેલ હોઈ મજકુર શ્રી જેસંગજી ભેમાજી ઠાકોર તથા તેમના વારસદારો શાંતાબેન તે જેસંગજી ભેમાજી ઠાકોરની પત્ની તથા પુત્રો અને પુત્રીઓએ સાથે મળી શ્રી નિસર્ગ હસમુખભાઈ પટેલ વિગેરેએ તા.૦૯/૦૯/૨૦૧૯ ના રોજ અનુક્રમ નં.૨૨૫૧૨ થી તે જ તારીખે નોંધાવી કરાવેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની કબુલાતનો લેખ યાને ડીડ ઓફ કન્ફરમેશન શ્રી નિસર્ગ હસમુખભાઈ પટેલ વિગેરેની તરફેણમા તા.૨૩/૦૯/૨૦૨૦ ના રોજ જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર સહીમતા કરી ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૧૮૦૧૬ થી તે જ તારીખે નોંધાવી કરી આપેલ છે.

(૩૩)..ત્યારબાદ મજકુર રી-બ્લોક નં.૩૬૭ ના જુના બ્લોક નં.૨૮૪ ની જમીનના રેકર્ડમા બીજા હકકમા અગાઉ તગાવી તારણની નોંધ કરવામા આવેલ છે.જેથી મજકુર તગાવી તારણની રકમ કે જે અગાઉના જમીન માલીકોએ લીધેલ તે રકમ શ્રી નિસર્ગ હસમુખભાઈ પટેલ વિગેરેએ વ્યાજ સહીત તા.૨૦/૧૦/૨૦૨૦ ના રોજ ભરપાઈ કરી દેતા મે.તાલુકા વિકાસ અધિકારીશ્રીના જાવક નં.તા.પં./મસલ/વશી/૪૭૦/૨૦૨૦ થી તા.૨૦/૧૦/૨૦૨૦ ના રોજ તારણ મુકિતનુ પ્રમાણપત્ર આપેલ છે.મજકુર પ્રમાણપત્રની રૂઈએ મજકુર જમીનના રેકર્ડમા બીજા હકકમા તગાવી તારણ મુકિતની નોંધ એન્ટ્રી નં.૪૦૨૯ થી તા.૨૭/૧૦/૨૦૨૦ ના રોજ પાડવામા આવેલી છે.

(૩૪)..ત્યારબાદ મજકુર જમીન માલીકો શ્રી નિસર્ગ હસમુખભાઈ પટેલ વિગેરે પાસેથી કરાવેલ લખાણને આધીન મજકુર રી-બ્લોક નં.૩૬૭ (જુના બ્લોક નં.૨૮૪/બ)ની ૧૦૩૮૩ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી./ડી.પી.સ્કીમમા આવરી લેતા ટી.પી./ડી.પી. સ્કીમની રૂઈએ ૪૦ ટકા પ્રમાણેની કપાત કરતા બાકી રહેતી ૬૦ ટકા પ્રમાણેની ફા.પ્લોટ નં.૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન તથા ફા.પ્લોટ નં.૨૮૪/૨/૨ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન પૈકી **ફકત ફા.પ્લોટ નં. ૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન** તેના માલીકો શ્રી નિસર્ગ હસમુખભાઈ પટેલ વિગેરે પાસેથી તમો "ORIGIN INFRA" એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી અમરતભાઈ નથાભાઈ પટેલે તા.૦૪/૧૧/૨૦૨૦ ના રોજ રીતસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગાંધીનગરના મે.સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરી રૂબરૂ અનુક્રમ નં.૨૨૦૯૮ થી તે જ તારીખે નોંધાવી કુલ અભરામ ન દાવે અધાટ વેચાણ રાખેલી છે.મજકુર વેચાણ દસ્તાવેજની રૂઈએ મજકુર જમીનના રેકર્ડ ઓફ રાઈટસમા કબજેદારના કોલમમા તમો "ORIGIN INFRA" એ નામની ભાગીદારી પેઢીનુ સ્વતંત્ર નામ એન્ટ્રી નં.૪૦૪૧ થી તા.૦૬/૧૧/૨૦૨૦ ના રોજ દાખલ કરી સદર એન્ટ્રી તા.૦૮/૧૨/૨૦૨૦ ના રોજ લાગતા વળગતા અધિકારી દ્વારા પ્રમાણીત કરવામા આવેલી છે.

(૩૫)..ત્યારબાદ તમો પેઢીએ મજકુર ફા.પ્લોટ નં.૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન ઉપર વાણિજ્ય હેતુ માટેનુ બાંધકામ કરવા માટેના પ્લાન ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ (ગુડા) ની કચેરીમા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના મે.જુનીયર નગર નિયોજકશ્રી સાહેબે તેમના ક્રમાંકઃપીઆરએમ/તારાપુર/૧૧૧/૧૧/૨૦૨૦/૭૦૭/૨૦૨૧ થી તા.૧૯/૦૧/૨૦૨૧ ના રોજ પ્લાન મંજુર કરી વિકાસ માટે પરવાનગી આપેલી છે. મજકુર ફા.પ્લોટ

નં.૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર એન.એ.વાળી જમીન પર મંજુર કરાવેલ પ્લાનને આધારે બેઝમેન્ટ-૨ પાર્કીંગ,બેઝમેન્ટ-૧ પાર્કીંગ તથા ગ્રાઉન્ડ ફલોર ઉપર પાર્કીંગ તથા સોસાયટી એમીનીટીઝ તથા ગ્રાઉન્ડ ફલોર ઉપર ૨૩ દુકાનો તથા ફસ્ટ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા સેકન્ડ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા થર્ડ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા ફોર્થ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા ફીફથ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા સીકસ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા સેવન્થ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા એઈથ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા નાઈન્થ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા ટેન્થ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા ઈલેવન્થ ફલોર ઉપર ૦૮ ફલેટો તથા ટવેલ્થ ફલોર ઉપર ૦૬ ફલેટો તથા થર્ટીન્થ ફલોર ઉપર ૦૨ ફલેટો તથા તે ઉપર સ્ટેર કેબીન,લીફટ,મશીન રૂમ તથા ઓવર હેડ પાણીની ટાંકી સહીત કુલે-રહેણાંક ૯૬ + ૨૩ વાણિજ્ય હેતુ માટેના યુનીટો મળી કુલે ૧૧૯ યુનીટો યાને એપાર્ટમેન્ટનુ બાંધકામ કરવાનુ રહેશે.

ત્યારથી રી-બ્લોક નં.૩૬૭ (જુના બ્લોક નં.૨૮૪/બ) ની ૧૦૩૮૩ સ.ચો.મીટર જમીનને ડ્રાફ્ટ ટી.પી./ડી.પી.સ્કીમમા આવરી લેતા ટી.પી./ડી.પી. સ્કીમની રૂઈએ ૪૦ ટકા પ્રમાણેની કપાત કરતા બાકી રહેતી ૬૦ ટકા પ્રમાણેની ફા.પ્લોટ નં. ૨૮૪/૨/૧ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન તથા ફા.પ્લોટ નં.૨૮૪/૨/૨ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન પૈકી **ફકત ફા.પ્લોટ નં.૨૮૪/૨/૧ ની ૩૧૧૫ સ.ચો.મીટર બીનખેતીના ઉપયોગવાળી જમીન** તમો **"ORIGIN INFRA"** એ નામની ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની તથા કોઈપણ પ્રકારના બોજા રહીત હોવાનુ જણાઈ આવે છે તથા સદર જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ- ભાગ,હકક,હીસ્સો કે હિત સંબંધ રેકર્ડ જોતા જણાઈ આવેલ નથી એ રીતે સદર જમીનના રાઈટસ ટાઈટલ્સ કલીયરન્સ અને માર્કેટેબલ હોવાનુ રેકર્ડ જોતા અમો આથી અભિપ્રાય આપીએ છીએ.

આજ તા.૧૯ માહે જાન્યુઆરી સને- ૨૦૨૧ ના દીને શહેર અમદાવાદ મુકામે.

N. K. PATEL * ADVOCATE * G/425/1977

(શ્રી એન. કે. પટેલ એડવોકેટ)